વનબંધુ કલ્યાણ યોજના

## આદિજાતિ વિકાસ વિભાગ

**ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત**

**સેક્ટર ૧૦-એ, ગાંધીનગર – ૩૮૨૦૧૦**

सत्यमेव जयते
ગુજરાત સરકાર

વનબંધુ કલ્યાણ યોજના



# કૃષિ વૈવિધ્યકરણ યોજના

**કૃષિ વૈવિધ્યકરણ યોજના એ આદિજાતિ ખેડુતોને મકાઈ અને શાકભાજીના (કારેલા, રીંગણ, દુધી, ટામેટા અને ભિંડા) કોઈ પણ એક બિયારણ અને ખાતરની કિટનું વિતરણ કરવાની યોજના છે.**





**યોજનાની ઓનલાઇન અરજી https://dsagsahay.gujarat.gov.in ઉપરથી કરી શકાશે.**

## અરજદારની પાત્રતા

- લાભાર્થી આદિજાતિ ખેડુત હોવો જોઈએ
- ૦ થી ૨૦ બીપીએલ સ્કોર ધરાવતા આદિજાતિ ખેડુતોને પ્રાથમિકતા આપવામાં આવશે
- FRAના લાભાર્થી

## યોજના હેઠળ લાભ લેવા માટે જરૂરી આધાર પુરાવા

- ૭/૧૨ નો નમુનો
- બી.પી.એલ. કાર્ડ
- આધાર કાર્ડ
- રાશન કાર્ડ
- પાસપોર્ટ સાઈઝનો ફોટો

## યોજના હેઠળ લોકફાળો

કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ લાભાર્થી પાસેથી રૂ. ૨૫૦/- લોકફાળો લેવામા આવશે.

**નોંધ**

**કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ અરજદાર ફક્ત ઓનલાઈન અરજી કરી શકશે.**

## ઓનલાઈન અરજી કરવાનું સ્થળ

૧. સંબંધિત VCE, ૨. ઈ-ગ્રામ કેન્દ્ર, ૩. ગ્રામ પંચાયતના કોમન સર્વિસ સેન્ટર, ૪. સાયબર કાફે તથા ૫. ઇન્ટરનેટ કનેક્શન અને સ્કેનર ધરાવતા કોઈ પણ કોમ્પ્યુટર ઉપરથી

## પૂર્વ ભૂમિકા

કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત રાજ્યના આદિજાતી જીલ્લાઓમાં આદિજાતીના લાભાર્થીઓને અમલીકરણ એજન્સી દ્વારા સુધારેલ બિયારણ, ખાતર અને વાવણી અંગેની તાલીમ આપવામાં આવે છે. જેથી ખેડુતો વાવણી સમયે સારૂ ઉત્પાદન મેળવી શકે અને આજીવિકા મેળવી આવક ઉભી કરી શકે.



## યોજનાનો હેતુ

ખેત ઉત્પાદન વધારવું, આદિજાતિ ખેડુતોને આજીવિકા અને આવક ઉભી કરવી

## યોજના હેઠળ મળવાપાત્ર લાભ

મકાઈ અને વિવિધ શાકભાજીનાં હાઈબ્રિડ બિયારણ જેવા કે કારેલા, ભિંડા, ટામેટા, દુધી અને રિંગણ તેમજ ખેતીને લગત તાલીમ.

## યોજના હેઠળ લાભ મેળવવાની લાયકાત

- આદિજાતિ ખેડુત ૦-૨૦ બી.પી.એલ. સ્કોર ધરાવતા હોવા જોઇએ.
- ૦ થી ૧ એકર જમીન ધરાવતા આદિજાતિ ખેડૂતો આ યોજનાનો લાભ લઈ શકે છે.
- એફ.આર.એ. ના લાભાર્થી

## અમલીકરણ કોના દ્વારા (એજન્સી/પ્રોજેક્ટ પાર્ટનરના નામ)

- જી.એસ.એફ.સી. એગ્રોટેક લી.
- નેશનલ સીડ્સ કોર્પોરેશન લી.

## અમલીકરણ માટેના જિલ્લાઓ

- **મકાઈના બિયારણ માટે**

૧. બનાસકાંઠા, ૨. સાબરકાંઠા, ૩. અરવલ્લી, ૪.મહિસાગર, ૫. દાહોદ, ૬. પંચમહાલ, ૭. છોટાઉદેપુર.

- **શાકભાજીના બિયારણ માટે**

૮.નર્મદા, ૯. ભરૂચ, ૧૦. તાપી, ૧૧. સુરત, ૧૨. નવસારી, ૧૩. વલસાડ, ૧૪. ડાંગ

## યોજના હેઠળ મોનિટરીંગ

- ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગર
- સંબંધિત પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી

**યોજનાકીય વધુ માહિતી અને સહાય તથા માર્ગદર્શન માટે સંપર્ક કરો.**

પ્રાયોજના વહીવટદારશ્રી, પ્રાયોજના વહીવટદારની કચેરી, તમામ આદિજાતિ જિલ્લા.

**યોજનાની ઓનલાઇન અરજી https://dsagsahay.gujarat.gov.in ઉપરથી કરી શકાશે.**